# BUSINESS મિત્ર

# નિફ્ટીએ 22900 પોઇન્ટની સપાટી કુદાવી, ડિફેન્સ શેરોમાં તેજી

**ભારતીય** શેરબજારમાં સતત ત્રીજા દિવસે ઉછાળો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 19: ભારતીય શેરબજારમાં આજે પણ સુધારો આગળ વધ્યો હતો. સતત ત્રીજા દિવસે શેરબજારમાં તેજીનો દોર જોવાયો હતો. જેના પગલે નિફ્ટી 22900 પોઇન્ટની સપાટી કુદાવી હતી. બ્રોડર માર્કેટમાં બે ટકાથી વધુનો ઉછાળો જોવાયો હતો. આજે એફએમસીજી અને આઈટીને બાદ કરતા અન્ય તમામ સેકટરો પોઝિટિવ રહ્યા હતા.

અમેરિકાના ફેડરલ રિઝર્વની બેઠક ચાલી રહી છે, જેનું આજે વ્યાજદર અંગે નિર્ણય જાહેર થનારો છે. જોકે, ફેડરેટમાં કોઇ ઘટાડો થવાની સંભાવના નહિંવત હોવાથી અમેરિકન બજારોમાં નરમાઇ જોવા મળી હતી. આજે ફેડરલ રિઝર્વ વ્યાજદરની જાહેરાત કરશે તેના પર રોકાણકારોની નજર મંડરાયેલી છે.

બીએસઇ લિસ્ટેડ કંપનીઓનું માર્કેટ કેપ રૂ. 404.95 લાખ કરોડ થઇ ગયું છે, જે ગત સેશનમાં રૂ. 399.85 લાખ કરોડનું થયું હતું. આમ, આજે માર્કેટ કેપમાં રૂ. 5.1 લાખ કરોડનો વધારો થયો છે. એટલે કે રોકાણકારોની સંપત્તિમાં વૃદ્ધિ જોવા મળી હતી. બીએસઇ ખાતે 81 શેરો બાવન વીકની ઉંચાઇ હાંસલ કરી હતી, જ્યારે 154 શેરો બાવન વીકની નીચલા સ્તરને સ્પર્શ્યા હતા.

બ્રોડર માર્કેટમાં સુંદર પ્રદર્શન આગળ વધ્યું હતું. બીએસઇ મિડકેપ ઇન્ડેક્સ 2.28 ટકા વધ્યા હતા, જ્યારે સ્મોલકેપ ઈન્ડેકસ 2.17 ટકા વધ્યા હતા. જેના લીધે માર્કેટ બ્રેડથ મજબૂત જોવાયા હતા. બીએસઇ ખાતે 3012 શેરો વધ્યા હતા, જ્યારે 1032 શેરો ઘટયા હતા અને 118 શેરો યથાવત રહ્યા હતા.

બીએસઇ સેન્સેક્સ 147.79 પોઇન્ટ એટલે કે 0.2 ટકા વધીને 75449.05 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઇન્ટ્રાડેમાં સેન્સેક્સ 75568 પોઇન્ટ ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 75201 પોઇન્ટ સુધી ઘટયો હતો. નિફ્ટીએ 22900 પોઇન્ટની સપાટી કુદાવી હતી. આજે નિફ્ટી 73.30 પોઇન્ટ એટલે કે 0.32 ટકા વધીને 22907.60 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઇન્ટ્રાડેમાં નિફ્ટી22940 પોઇન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 22807 પોઇન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 388.10 પોઇન્ટ એટલે કે 0.79 ટકા વધીને 49702.60 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઇ ખાતે જીઆર ઈન્ફ્રાપ્રોજેક્ટમાં 10.84 ગણા, તાન્લા પ્લેટફોર્મમાં 8.63 ગણા, મહિન્દ્રા લાઇફસ્પેસમાં 5.96 ગણા, આઇટીસી લિ.માં 4.32 ગણા અને ફોનીક્સ મીલ્સમાં 3.25 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે તાન્લા પ્લેટફોર્મમાં 33.68 ગણા, મહિન્દ્રા લાઇફસ્પેસમાં 20.61 ગણા, જીઆર ઇન્ફ્રાપ્રોજેક્ટમાં 20.14 ગણા, એસબીએફસી ફાઇ.માં 15.54 ગણા, એચપીબએલ એન્જિનીયરીંગમાં 12.64 ગણા કામકાજ નોંધાયા છે.

બીએસઇ એસએમઇ સુપર આર્યન ફાઉન્ડ્રીના આઇપીઓનું 0.05 ટકા ડિસ્કાઉન્ટ સાથે રૂ. 107.95ના ભાવે લિસ્ટીંગ થયું હતું. કંપનીએ રૂ. 108ના ભાવે ઓફર કર્યો છે. કંપનીનો આઇપીઓ 1.53 ગણો છલકાયો હતો.

વૈશ્વિક સ્તરે યુએસ ડાઉ ફ્યુચર 72 પોઇન્ટ સુધારા સાથે ચાલી રહ્યા હોવાથી અમેરિકન બજારો પોઝિટિવ ખુલવાના સંકેત આપી રહ્યા છે.

### રૂપિયો વધુ 14 પૈસા ઉછળ્યો

કરન્સી બજારમાં ડોલરની સામે રૂપિયામાં સુધારો આગળ વધ્યો હતો. આજે ડોલરની સામે રૂપિયો 14 પૈસા વધુ મજબૂત થઇને 86.43ના સ્તરે બંધ રહ્યો હતો. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 86.57ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 93.95, પાઉન્ડ 112.25, કેનેડિયન ડોલર 60.44, ઓસ્ટ્રેલિયન ડોલર 54.45, જાપાનીઝ યેન 0.5770, સીંગાપોર ડોલર 64.99ના સ્તરે બંધ રહ્યા હતા.

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | 147.79 | 75449.05 |
| નિફ્ટી | 73.30 | 22907.60 |
| બેન્ક નિફ્ટી | 388.10 | 49702.60 |

**નિફ્ટી**

ટોપ ગેઇનર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| શ્રીરામ ફાઇનાન્સ | 3.99 | 667.95 |
| એચડીએફસી લાઇફ | 3.75 | 664.55 |
| અપોલો હોસ્પિટલ | 2.89 | 6427.55 |
| ટટા સ્ટીલ | 2.55 | 158.60 |
| પાવરગ્રીડ | 2.36 | 277.20 |

ટોપ લુઝર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટેક મહિન્દ્રા | 2.41 | 1296.15 |
| ટીસીએસ | 1.56 | 3497.10 |
| આઇટીસી | 1.48 | 403.05 |
| ઇન્ફોસીસ | 1.42 | 1586.55 |
| બ્રિટાનીયા | 1.28 | 4707.10 |

**સેન્સેક્સ**

ટોપ ગેઇનર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટાટા સ્ટીલ | 2.52 | 158.55 |
| ઝોમેટો | 2.34 | 223.45 |
| પાવરગ્રીડ | 2.27 | 276.95 |
| અલ્ટ્રાટેક સિમેન્ટ | 2.01 | 10914.75 |
| ઇન્ડસઇન્ડ બેન્ક | 1.56 | 692.35 |

ટોપ લુઝર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટેક મહિન્દ્રા | 2.43 | 1396.35 |
| ટીસીએસ | 1.56 | 3497.15 |
| આઇટીસી | 1.55 | 403.05 |
| ઇન્ફોસીસ | 1.38 | 1586.55 |
| મારૂતિ સુઝુકી | 0.98 | 11605.00 |

# મુંબઇમાં 5જી સેવા શરૂ થતા વોડાફોન આઇડિયાના શેરમાં કરન્ટ આવ્યો

**સેટકોમ** ભાગીદારી માટે સ્ટારલિંક સાથે ચાલી રહેલી વાતચીત

નવી દિલ્હી, તા. 19: ટેલિકોમ કંપની વોડાફોન આઇડિયા લિમિટેડના શેરમાં આજે 8 ટકાનો ઉછાળો જોવા મળી રહ્યો છે. કંપનીનો શેર 8.59 ટકાના વધારા સાથે 7.71 રૂપિયા પર ટ્રેડ કરી રહ્યો છે. વીઆઇ દ્વારા મુંબઇમાં 5જી સેવાઓ શરૂ કરવાની જાહેરાત કરવામાં આવ્યા બાદ કંપનીના શેરમાં કરન્ટ આવ્યો છે.

આ સિવાય વીઆઇએ એમ પણ કહ્યું હતું કે, તે ભારતમાં એલોન મસ્કની કંપની સ્ટારલિંક અને એમેઝોનની કુઇપર સાથે પણ સેટકોમ ભાગીદારી માટે વાત કરી રહ્યો છે. કંપનીએ એક્સચેન્જ ફાઇલિંગમાં કહ્યું કે આ 5જી રોલઆઉટથી ગ્રાહકોને વધુ નેટવર્ક કવરેજ મળશે અને ઓછી કિંમતે મોબાઇલનો સારો અનુભવ મળશે.

છેલ્લા પાંચ દિવસમાં આ શેરમાં 8.65 ટકાનો વધારો થયો છે. છેલ્લા એક મહિનામાં કંપનીનો શેર 7.71 ટકા, છ મહિનામાં 26.20 ટકા અને એક વર્ષમાં 40.39 ટકા ઘટ્યો છે. કંપનીની માર્કેટ કેપ 54.55 હજાર કરોડ રૂપિયા છે. વોડાફોન આઇડિયાએ મુંબઇમાં 5જી સેવાઓ વિસ્તૃત કરવા માટે નોકિયા સાથે ભાગીદારી કરી છે. કંપનીએ કહ્યું છે કે દેશભરમાં તબક્કાવાર રીતે 5જી સેવાઓનો વિસ્તાર કરવામાં આવશે. રિલાયન્સ જિયો અને ભારતી એરટેલે ભારતભરમાં 5જી સેવાઓનું રોલઆઉટ પૂર્ણ કરી લીધું છે, જ્યારે વીઆઇ માત્ર પોતાની 5જી સેવાઓ શરૂ કરી રહ્યું છે.

ગયા મહિને જાહેર કરવામાં આવેલા એક અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે વોડાફોન આઇડિયા માટે ગ્રાહકોની ખોટને સ્થિર કરવી એ સૌથી મોટો પડકાર છે. ટ્રાઇના ડેટા મુજબ ડિસેમ્બર 2024માં વીઆઇ યુઝર્સની સંખ્યામાં 17 લાખનો ઘટાડો થયો હતો અને તે ઘટીને 20.7 કરોડ પર આવી ગયો હતો. આ પહેલા નવેમ્બરમાં તેણે 15 લાખ યૂઝર્સ ગુમાવ્યા હતા.

છેલ્લા 12 મહિનામાં વીઆઇએ 26000 કરોડ રૂપિયાનું ભંડોળ એકઠું કર્યું છે. જેમાં ભારતનો સૌથી મોટો એફપીઓ પણ સામેલ છે, જેમાંથી કંપનીએ 18000 કરોડ રૂપિયા એકઠા કર્યા છે. આ ઉપરાંત પ્રમોટર્સે 4000 કરોડ રૂપિયાથી વધુનું યોગદાન આપ્યું હતું. કંપની આગામી ત્રણ વર્ષમાં 50000 કરોડથી 50000 કરોડ રૂપિયા ખર્ચ કરવાની યોજના ધરાવે છે.

# નિફ્ટીના મિડકેપ ઇન્ડેક્સમાં જૂન 2024 પછીનો સૌથી મોટો ઇન્ટ્રા-ડે ઉછાળો

**સ્મોલકેપ** શેરોમાં ઉછાળો જોવાયો

મુંબઇ, તા. 19: લોકસભાની ચુંટણીના બજારો ક્રેશ થયા હતા, જે ફરીથી સુધરી રહ્યા છે અને જુન 2024 બાદ આજે મિડકેપ ઇન્ડેકસ ઇન્ટ્રાડે ઉછાળો જોવાયો હતો. જેમાં સૌથી વધુ ડિફેન્સ શેરોમાં તેજીનો માહોલ જોવા મળ્યો હતો. તેની સાથે જેએસડબ્લ્યુ ઇન્ફ્રા, પોલિસી બજાર-પેરેન્ટ, પીબી ફિનટેક અને મેક્સ હેલ્થકેરના શેરમાં આશરે 7 ટકાનો વધારો થયો હતો. વોડાફોન-આઇડિયા, ભારત ડિફેન્સ, રેલ વિકાસ નિગમ લિમિટેડ અને બીએસઇએ પછી તેમના શેરના ભાવમાં 6-6 ટકાનો ઉછાળો આવ્યો હતો.

અન્ય નોંધપાત્ર મિડકેપ શેરોમાં નોંધપાત્ર વધારો નોંધાવનારમાં પ્રેસ્ટિજ એસ્ટેટ્સ, હુડકો, બેન્ક ઓફ ઇન્ડિયા, પોલિકેબ, સુઝલોન એનર્જી, એચડીએફસી એએમસી, ટાટા ટેકનોલોજી, પેટીએમ, આઇઆરઇડીએ, સેલ, યસ બેન્ક, ભારત ફોર્જ અને અન્યનો સમાવેશ થાય છે, જે 3 ટકાથી વધુ વધ્યા હતા.

સ્મોલ કેપ શેરોના શેરમાં પણ આજે નોંધપાત્ર ઉછાળો જોવા મળ્યો હતો, નિફ્ટી સ્મોલકેપ ઇન્ડેક્સ 2 ટકાથી વધુ ઉછળીને 15748ની આસપાસ બંધ રહ્યો હતો. આરઆઇટીઇએસના શેર ઇન્ડેક્સમાં ટોપ ગેઇનર રહ્યા હતા, જે લગભગ 9 ટકા ઉછળીને રૂ.231ની સપાટીએ બંધ રહ્યા હતા. અન્ય નોંધપાત્ર સ્મોલકેપ શેરોમાં જંગી ઉછાળો નોંધાયો હતો જેમાં ઇરકોન, બીઇએમએલ અને એસડબલ્યુ સોલારનો સમાવેશ થાય છે.

પસંદગીયુક્ત હોય ત્યારે ડિપ્સ પર ખરીદી કરવાની વ્યૂહરચના વર્તમાન પરિસ્થિતિમાં વધુ અસરકારક હોઈ શકે છે. મિડકેપ સિલેક્ટ ઇન્ડેક્સમાં મુખ્ય અવલોકન સંભવિત બુલિશ રિવર્સલ બ્રેકઆઉટ સૂચવે છે, જે ઇન્વર્સ હેડ એન્ડ શોલ્ડર્સ પેટર્ન બનાવે છે. આ સેગમેન્ટમાં બ્રેકઆઉટ વ્યાપક બજારમાં નવા ઉત્સાહને પ્રગટાવી શકે છે.

# ડિવિડન્ડ પૂર્વે પીએસયુ સ્ટોક મિશ્ર ધાતુ નિગમના શેરની ખરીદીમાં રસ વધ્યો

નવી દિલ્હી, તા. 19: સરકારી કંપની મિશ્ર ધાતુ નિગમ લિમિટેડ કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સની આજે બેઠક મળવાની છે, જેમાં કંપનીના ડિરેક્ટર્સને ડિવિડન્ડ આપવાની દરખાસ્ત રજૂ કરવામાં આવશે. આજે માર્કેટનું ઓપનિંગ સપાટ રહ્યું છે. નિફ્ટી 40 પોઇન્ટના વધારા સાથે 22875ના સ્તરે ખૂલ્યો હતો. જે છેલ્લે 22900 પોઇન્ટની સપાટી વટાવી હતી. આજના કોન્સોલિડેશન બજારની વચ્ચે મેટલ એન્ડ માઈનિંગ સેક્ટરમાં કામ કરતી સરકારી કંપની મિશ્ર ધાતુ નિગમ લિમિટેડના શેરમાં આજના ઇન્ટ્રાડે સેશનમાં 7 ટકાની મજબૂત તેજી સાથે કારોબાર થતો જોવા મળ્યો છે. આ તેજીના કારણે શેર 282 રૂપિયાના સ્તરને સ્પર્શી ગયો છે. વાસ્તવમાં આજે મિશ્ર ધાતુ નિગમ લિમિટેડ કંપનીના શેરમાં વધારાનું કારણ આજે યોજાનારી કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સની બેઠક માનવામાં આવી રહી છે. આ બેઠકમાં નાણાકિય વર્ષ 2025 માટે રોકાણકારોને ડિવિડન્ડ આપવાનો પ્રસ્તાવ કંપનીના બોર્ડ મેમ્બરની સામે રજૂ કરવામાં આવશે. બોર્ડના સભ્યો આ પ્રસ્તાવ પર પોતાની સંમતિ આપશે તો રોકાણકારને ડિવિડન્ડ આપવામાં આવશે.

આશરે 5172 કરોડ રૂપિયાની માર્કેટ કેપિટલાઈઝેશન ધરાવતી કંપની મિશ્ર ધાતુ નિગમ લિમિટેડે આ ડિવિડન્ડ માટે રેકોર્ડ તારીખ નક્કી કરી દીધી છે, જે 25 માર્ચ 2025 છે. અત્રે ઉલ્લેખનીય છે કે, સરકારી કંપની મિશ્ર ધાતુ નિગમ લિમિટેડે છેલ્લે માર્ચ 2024માં ડિવિડન્ડ ચૂકવ્યું હતું, તે સમયે કંપનીએ 22 માર્ચ 2024ના રોજ 1.41 રૂપિયા પર વચગાળાનું ડિવિડન્ડ વહેંચ્યું હતું.

# શેરબજારમાં મેટલ સેકટરમાં સતત ઉછાળો, ખાસ કરીને સ્ટીલ શેરોમાં જબરજસ્ત લેવાલી

**ચોક્કસ** સ્ટીલ ઉત્પાદનોની આયાત પર 12 ટકાની કામચલાઉ સેફગાર્ડ ડ્યુટી લાદવાની ભલામણની અસર

મુંબઇ, તા. 19: શેરબજારમાં આજે સ્ટીલ કંપનીઓના શેરમાં જબરદસ્ત વધારો જોવા મળ્યો હતો. આજના કારોબારમાં એનએમડીસી સ્ટીલ અને સેલના શેરમાં 7 ટકા સુધીનો ઉછાળો આવ્યો છે. આ વધારો એવા સમયે થયો છે જ્યારે ટ્રેડ રેમેડીઝ (ડીજીટીઆર)એ ચોક્કસ સ્ટીલ ઉત્પાદનોની આયાત પર 12 ટકાની કામચલાઉ સેફગાર્ડ ડ્યુટી લાદવાની ભલામણ કરી હતી.

એનએમડીસી સ્ટીલે સૌથી મોટો ઉછાળો દેખાડતાં 7 ટકા વધીને રૂ.35.97ની સપાટીએ પહોંચ્યો હતો, જ્યારે સેઇલના શેરમાં 5 ટકાનો ઉછાળો નોંધાઇ રૂ. 114.40 થયો હતો. આ ઉપરાંત જેએસડબ્લ્યૂ સ્ટીલ, ટાટા સ્ટીલ, જિંદાલ સ્ટીલ એન્ડ પાવર અને એપીએલ એપોલો જેવી અન્ય સ્ટીલ કંપનીઓના શેરમાં પણ 2થી 3 ટકાનો ઉછાળો નોંધાયો છે. ડીજીટીઆર દ્વારા કરવામાં આવેલી ભલામણ અનુસાર આ અસ્થાયી ડ્યૂટી 200 દિવસ સુધી લાગુ રહેશે. આ પગલાનો ઉદ્દેશ સ્ટીલ ઉત્પાદનોની આયાતમાં વૃદ્ધિને મર્યાદિત કરવાનો છે, ખાસ કરીને એવા દેશોમાંથી કે જેમના ભાવ ભારતીય ઉત્પાદકો માટે સ્પર્ધાત્મક નથી. ડીજીટીઆરએ કહ્યું છે કે, 12 ટકાની સેફગાર્ડ ડ્યુટી સ્થાનિક ઉદ્યોગને ગંભીર નુકસાનથી બચાવવા માટે એક અસરકારક ઉપાય હશે.

# ચોથા ક્વાર્ટરના પરિણામો પહેલા શેરબજારે તેજી માટે કમર કસી

**પેટર્ન** દર્શાવે છે કે નિફ્ટી ચોથા ક્વાર્ટર સિઝનમાં વેગ પકડશે

મુંબઇ, તા. 19: નિફ્ટીમાં 22900ના સ્તર જોવા મળ્યા છે અને બજારમાં ખરીદીના સંકેત દેખાઇ રહ્યા છે. જો આ તેજીને નાણાકીય વર્ષ 2025ના ચોથા ક્વાર્ટરની કમાણી સાથે જોડવામાં આવે તો છેલ્લા કેટલાક વર્ષોનો રેકોર્ડ બતાવી રહ્યો છે કે નિફ્ટી ચોથા ક્વાર્ટર પહેલા વધી જાય છે. બજારમાં ખરીદીનો માહોલ છે. એવું જોવામાં આવ્યું છે કે ચોથા કવાર્ટરના કોર્પોરેટ અર્નિંગ પહેલા બજારમાં થોડી તેજી છે, જે પેટર્ન શરૂઆતના કેટલાક વર્ષોમાં જોવા મળી છે. શેરબજારના રોકાણકારો ચોથા ક્વાર્ટરને લગતી આ પેટર્ન પર નજર રાખી રહ્યા છે.

શેરબજારના ઐતિહાસિક ડેટા દર્શાવે છે કે નિફ્ટીમાં ચોથા ક્વાર્ટરની કમાણી અગાઉના ત્રણથી ચાર સપ્તાહમાં 70 ટકાનો વધારો જોવા મળ્યો છે, જેમાં 30 ટકા કિસ્સાઓમાં સ્પષ્ટ 3 ટકા પ્લસ-માઇનસ અપસાઇડ જોવા મળ્યો છે. જોકે, અર્નિંગ સિઝનના પહેલા 30 દિવસમાં નેગેટિવ બાયસ સાથે ફ્લેટ રિટર્ન મળ્યું છે. આંકડાઓ દર્શાવે છે કે છેલ્લા એક દાયકામાં નિફ્ટીએ ચોથા ક્વાર્ટરના પરિણામો પછીના ત્રણ મહિનામાં સરેરાશ 5.7 ટકાનું વળતર આપ્યું છે, જેમાં અડધા કિસ્સાઓમાં 8 ટકા પ્લસ-માઇનસનો વધારો થયો છે.

# હવે પેટ્રોલ ભરાવો એટલી જ વારમાં ઈલેક્ટ્રિક કારની બેટરી ચાર્જ થઈ જશે

**ચીનની** ઈલેક્ટ્રીક કાર બનાવતી કંપનીએ બેટરીને ઝડપથી ચાર્જ કરતી ટેક્નોલોજીની જાહેરાત કરી

**માત્ર** 5 મિનિટ ચાર્જ કરાયા બાદ કાર 470 કિ.મી. સુધી મુસાફરી કરી શકશે




બીજિંગ, તા. 19: ચીનની ઈલેક્ટ્રીક કાર બનાવતી કંપની બીવાયડીએ એક નવી બેટરી ટેક્નોલોજી વિકસીત કરી છે તેનું કહેવું છે કે આ ટેક્નોલોજી ઈવીની જે સમસ્યા માટે સૌથી વધુ ટીકા કરવામાં આવે છે તેને દૂર કરશે.

વિશ્વની સૌથી મોટી ઈલેક્ટ્રીક કાર ઉત્પાદક કંપનીએ તેની ‘સુપરઈ-પ્લેટફોર્મ’ ટેક્નોલોજી ખુલ્લી કરી હતી જેમાં લિથિયમ-ઈઓન-ફોસફેટ બ્લેડ બેટરી ટેક્નોલોજીનો ઉપયોગ કરાય છે, તેનો દાવો છે કે તે 1000 કેડબ્લુ સુધીની ઝડપે ચાર્જ કરી શકે છે.

અલ્ટ્રા ફાસ્ટ ચાર્જીંગ સાધનના નવા નેટવર્કનો ઉપયોગ કરીને કાર માત્ર 5 મિનિટ ચાર્જ થયા બાદ 470 કિ.મી. સુધી મુસાફરી કરી શકે છે. તેનો અર્થ એ થયો કે તેમાં એટલો જ સમય લાગે છે જેટલો પેટ્રોલ અથવા ડિઝલ ભરાવવામાં લાગે છે.

ઝડપથી ચાર્જીંગ ટેક્નલોજીની જાહેરાત બાદ ચીની ઈવી કંપનીના શેરોમાં ભારે ઉછાળો જોવા મળ્યો હતો.

# હ્યુન્ડાઈ, હોન્ડા એપ્રિલથી વાહનોના ભાવ વધારશે

**એપ્રિલ** 2025થી વાહનોની કિંમતમાં 3 ટકા સુધીનો વધારો કરવામાં આવશે: એચએમઆઇએલ

નવી દિલ્હી, તા. 19 (પીટીઆઈ): હ્યુન્ડાઇ મોટર ઈન્ડિયા અને હોન્ડા કાર્સ ઈન્ડિયા બુધવારે એપ્રિલથી વાહનોના ભાવમાં વધારો કરવાની યોજના બનાવી રહેલી ઓટોમેકર્સની યાદીમાં જોડાયા છે, જે આ વર્ષે બીજી વખત છે, જેથી વધતા ઈનપુટ ખર્ચ અને ઊંચા ઓપરેશનલ ખર્ચની અસરને આંશિક રીતે ઓછા કરી શકાય.

હ્યુન્ડાઇ મોટર ઈન્ડિયા લિમિટેડ (એચએમઆઈએલ)એ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, તે એપ્રિલ 2025થી તેના વાહનોની કિંમતમાં 3 ટકા સુધીનો વધારો કરશે. ભાવ વધારાની માત્રા વેરિઅન્ટ અને મોડેલના આધારે અલગ-અલગ હશે.

નિવેદનમાં ઉમેર્યું હતું કે, ભાવમાં વધારો ઈનપુટ ખર્ચમાં વધારો, કોમોડિટીના ભાવમાં વધારો અને ઊંચા ઓપરેશનલ ખર્ચ સહિત અન્ય કારણોસર કરવામાં આવી રહ્યો છે.

### યુપીઆઇ માટે કેન્દ્રીય કેબિનેટની 1500 કરોડ રૂપિયાની પ્રોત્સાહક યોજનાને મંજુરી

નવી દિલ્હી, તા. 19: કેન્દ્રીય કેબિનેટે આજરોજ નાણાકીય વર્ષ 2024-25 માટે નાના મુલ્યના ભીમ-યુપીઆઇ વ્યવહારોને પ્રોત્સાહન આપવાના હેતુથી રૂ. 1500 કરોડની પ્રોત્સાહક યોજનાને મંજુરી આપી હતી. આ પગલાથી રૂ. 2000 સુધીના ટ્રાન્ઝેકશનને પ્રોત્સાહન મળશે. ખાસ કરીને નાના વેપારીઓમાં ડિજીટલ પેમેન્ટના ઉપયોગને વધુ વેગ મળશે તેવી અપેક્ષા છે. આ યોજના હેઠળ નાના વેપારીઓને ટ્રાન્ઝેકશન દીઠ 0.15 ટકા ઇન્સેન્ટીવ મળશે.

### યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૨૧ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૮૪ | ૫૦/૩૬ '' | ૧૨૯ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૨૯ |
| ૩૦/૩૬ એફડી | ૨૯૫ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૧૭૧ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૭૩.૫ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૨૯ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૪ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૩૦.૫ |
| ૬૮/૩૬ | ૧૨૭ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૨૭.૫ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૨૭ | ૧૦૦ ટેક્ષ | ૧૨૩ | ૬૮ ક્રિમ્પ | ૧૨૭.૫ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૧ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૨૪.૫ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૨૧ | ૮૦/૭૨ રોટો | ૧૨૮ | ૭૫ ક્રિમ્પ | ૧૨૩.૫ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૭૧ | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૩૬ | ૮૦ ક્રિમ્પ | ૧૨૮ |
| ૮૦/૭૨ રોટો. | ૧૨૭ | ૧૬૦ ડીસ્કેટ | ૧૩૬ | ૮૦/૭૨ રોટો | ૧૨૭ |
| ૮૦/૩૬ રોટો. | ૧૨૬ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૧૯ | ૮૦/૧૦૮ '' | ૧૨૯ | ૩૦/૩૬ એફડી | --- |

### જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૪૪૦૦ |
| એમ-૩૦ | ૪૪૦૦ |
| એસ-૩૦ | ૪૩૦૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૪૩૦૦ |
| એસ-૩૦ | ૪૨૫૦ |

### સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૯૧૧૯૦ |
| તેજાબી સોનું | ૯૧૧૦૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૮૬૬૩૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૮૯૩૭૦ |
| સોનાનાં બિસ્કીટ | ૯૧૧૯૦૦ |
| ચાંદી (૯૯૯) | ૧૦૨૭૦૦ |
| ચાંદી સિક્કા | ૧૦૪૨૦૦ |

### તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૫૯૦ | કોપરેલ | ૪૫૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૪૦૦ | વનસ્પતિ ઘી | ૨૫૪૦ |
| સીંગતેલ (૫ લી) | ૮૬૦ | સનફ્લાવર | ૨૩૨૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૪૮૦ | તલતેલ | ૫૫૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૨૮૦ | દિવેલ | ૨૪૦૦ |
| કપાસીયા (૫ લિ.) | ૮૪૦ | મકાઇ તેલ | ૨૪૫૦ |
| સરસીયું તેલ | ૨૬૮૦ | | |

### ગડકરી કહે છે કે, 6 મહિનામાં ઇલેક્ટ્રિક વાહનોના ભાવ પેટ્રોલ કાર જેટલા જ થઈ જશે

નવી દિલ્હી, તા. 19 (પીટીઆઇ): કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ બુધવારે જણાવ્યું હતું કે, દેશમાં ઇલેક્ટ્રિક વાહનો (ઈવી)ના ભાવ છ મહિનામાં પેટ્રોલ વાહનો જેટલા જ થઈ જશે. 32મા કન્વર્જન્સ ઇન્ડિયા અને 10મા સ્માર્ટ સિટીઝ ઇન્ડિયા એક્સ્પોને સંબોધતાં ગડકરીએ વધુમાં જણાવ્યું હતું કે, 212 કિમી લાંબા દિલ્હી-દહેરાદૂન એક્સેસ-કંટ્રોલ્ડ એક્સપ્રેસવેનું બાંધકામ આગામી ત્રણ મહિનામાં પૂર્ણ થશે. ગડકરીએ કહ્યું, ‘ ’છ મહિનાની અંદર ઇલેક્ટ્રિક વાહનોની કિંમત પેટ્રોલ વાહનો જેટલી જ થઈ જશે.’’ મંત્રીએ કહ્યું કે, સરકારની નીતિ આયાત વિકલ્પ, ખર્ચ-અસરકારકતા, પ્રદૂષણ-મુક્ત અને સ્વદેશી ઉત્પાદન છે. કેન્દ્રીય મંત્રીએ કહ્યું, ભારતને ત્રીજા ક્રમનું સૌથી મોટું અર્થતંત્ર બનાવવા માટે દેશને તેના માળખાગત ક્ષેત્રને સુધારવાની જરૂર છે.


**ગુજરાત સરકાર**

**નર્મદા,જળ સંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**

**ઓફલાઈન-ટેન્ડર નોટીસ નં. ૪૦ સને ૨૦૨૪-૨૫**

ગુજરાત રાજ્યનાં રાજ્યપાલશ્રી વતી, કાર્યપાલક ઈજનેરશ્રી, સિંચાઇ યોજના વિભાગ નં.-૪, પહેલો માળ, કરજણ વહીવટી સંકુલ,રાજપીપલા-૩૯૩૧૪૯ -ફોન નં.૦૨૬૧-૨૨૨૮૯૯, નીચે જણાવેલ કામ માટે ઓફલાઈન પધ્ધતિ થી ગુજરાત રાજ્યના માર્ગ અને મકાન તથા જળ સંપતિ વિભાગ હેઠળ નીચે જણાવેલ શ્રેણીમાં નોંધાયેલ માન્ય રજીસ્ટાર્ડ કોન્ટ્રાકટરો પાસેથી SBD ફોર્મના નિયત નમુના સાથે ટેંડર ફી, બાનાની રકમ, ચાલુ વર્ષનું સોલ્વંસી સર્ટીફીકેટ જી.એસ.ટી રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ સાથે ટેંડરો મંગવવામાં આવે છે.

| અ. નં | કામનું નામ | કામની અંદાજીત રકમ રૂ. લાખમાં | ટેન્ડર ફી/ બાનાની રકમ | કોન્ટ્રાકટર શ્રેણી |
|---|---|---|---|---|
| (૧) | પ્રોવાઈડીંગ થર્ડ પાર્ટી ઈંસ્પેકશન સર્વિસ ફોર કંસ્ટ્રકશન સુપર વિઝન ઈંસ્પેકશન એંડ ટેસ્ટીંગ ઓફ કંસ્ટ્રકશન મટેરીયલ મશીનરી ઈક્વિપમેંટ ફોર ધ વર્ક ઓફ બલદેવા એલ.બી.એમ.સી., કંબોડીયા માઈનોર ઓફટેકીંગ ફ્રોમ ટેઈલ ઓફ એલ.બી.એમ.સી એટ ચેનેજ ૨૫૭૦ મી, ઝરણા માઈનોર ઓફટેકીંગ ફ્રોમ કંબોડીયા માઈનોર એટ ચેઈનેજ ૧૬૪૫ મી. ઓફ બલદેવા ઈરીગેશન સ્કિમ. | ૪,૪૩,૨૬૮.૫૮/- | ૬૦૦/- ૪૫૦૦/- | ઈ-૨ ક્લાસ અને તેના ઉપરની શ્રેણી |
| (૨) | ઓફલાઈન ટેંડર ઈસ્યુ શરૂ થવા તારીખ | તા.૨૧-૦૩-૨૦૨૫, ૧૦.૩૦ કલાક | | |
| (૩) | ઓફલાઈન ટેંડર ઈસ્યુ કરવાની અંતીમ તારીખ | તા.૦૪-૦૪-૨૦૨૫, ૧૮.૦૦ કલાક સુધી | | |
| (૪) | ફીઝીકલ ડોક્યુમેન્ટ સાથે ઓફલાઈન ટેંડર વિભાગીય કચેરી માં સાદર કરવાની છેલ્લી તારીખ. | તા.૧૧-૦૪-૨૦૨૫, ૧૮.૦૦ કલાક સુધી | | |
| (૫) | સંપર્ક સાધવાની કચેરીનું સરનામું | કાર્યપાલક ઈજનેરશ્રી સિંચાઇ યોજના વિભાગ નં.૪, પહેલો માળ, કરજણ વહીવટી સંકુલ, રાજપીપલા- ૩૯૩૧૪૯ ફોનનં.૦૨૬૪૦-૨૨૨૮૯૯/ ૨૨૦૧૩૪, ૯૦૯૯૬ ૯૯૯૩૮ | | |

રાજ્ય સરકારની માહિતી ખાતાની વેબ સાઇટwww.nprocure.com અને www.statetenders.com ઉપર જોવા મળી શકશે.

આ કામઓની વિગતવાર નોટીસ કચેરીના બોર્ડ પર જોવા મળશે, અથવા આ કામો અંગેની વધુ વિગતો કામકાજના દિવસો દરમ્યાન આ કચેરીનો સંપર્ક સાંધવાથી મળશે.

માહિતી/નર્મદા/૫૦૦/૨૦૨૪-૨૫



ADITYA BIRLA CAPITAL — PROTECTING INVESTING FINANCING ADVISING

**આદિત્ય બિરલા ફાઇનાન્સ લિમિટેડ**

રજિસ્ટર્ડ ઓફિસ: ઇન્ડિયન રેયોન કમ્પાઉન્ડ, વેરાવળ, ગુજરાત - 362266.
કોર્પોરેટ ઓફિસ: 12મો માળ, આર ટેક પાર્ક, નિર્લોન કોમ્પ્લેક્સ, હબ મોલ પાસે, ગોરેગાંવ (પૂર્વ), મુંબઈ - 400 063, એમએચ.

**ઇ-ઓક્શન વેચાણ નોટિસ**

સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ-2002 હેઠળ સ્થાવર સંપત્તિના વેચાણ માટે 15 દિવસની હરાજી વેચાણ નોટિસ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ-2002ના નિયમ 9(1) ની જોગવાઈ સાથે વાંચો. જ્યારે આદિત્ય બિરલા ફાઇનાન્સ લિમિટેડ / સિક્યોર્ડ લેણદારના અધિકૃત અધિકારીએ સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002 (SARFAESI)ની કલમ 13(2) હેઠળ જારી કરાયેલ નોટિસ અનુસાર નીચેની સુરક્ષિત સંપત્તિઓનો કબજો લીધો હતો, જેમાં નીચેના દેવાદારો અને સહ-દેવાદારો પાસેથી નીચે દર્શાવેલ બાકી રકમ અને તેના પરના વધારાના ચાર્જ અને ખર્ચનો સમાવેશ થાય છે. આથી જાહેર જનતાને અને ખાસ કરીને દેવાદારો અને સહ-દેવાદારોને નોટિસ આપવામાં આવે છે કે આદિત્ય બિરલા ફાઇનાન્સ લિમિટેડના દેવાની વસૂલાત માટે નીચેની મિલકતની ઇ-હરાજી "જ્યાં છે ત્યાં", "જેમ છે તેમ" અને "જે છે તે"ના ધોરણે કરવામાં આવશે.

**ઈ-હરાજીની તારીખ અને સમય: ૦૮.૦૪.૨૦૨૫, સવારે ૧૧:૦૦થી બપોરે ૧:૦૦ વાગ્યા સુધી.**
**કેવાયસી અને અર્નેસ્ટ મની ડિપોઝિટ (EMD) મેળવવાની છેલ્લી તારીખ: ૦૭.૦૪.૨૦૨૫**

| ક્રમ | ઋણ લેનારાઓ અને સહ-ઋણ લેનારાઓનું નામ | મિલકતોનું વર્ણન / સુરક્ષિત સંપત્તિ અને કબજાની તારીખ | અનામત કિંમત (રૂ.માં) | અર્નેસ્ટ મની ડિપોઝિટ (EMD) (રૂ.માં) / ઇન્ક્રીમેન્ટલ વેલ્યૂ | ડિમાન્ડ નોટિસ તારીખ અને કુલ રકમ (રૂ.માં) |
|---|---|---|---|---|---|
| 1 | 1. મેસર્સ સાગર ફેશન તેના માલિક રાજેશ ડાભી દ્વારા, 2. રાજેશ જીતેન્દ્રભાઈ ડાભી S/o જીતેન્દ્રભાઈ સાર્દુલભાઈ ડાભી 3. પ્રેમીલાબેન રાજેશ ડાભી W/o. રાજેશ જીતેન્દ્રભાઈ ડાભી લોન એકાઉન્ટ નં.: ABSURSTS 000000503463 | નોંધ નં. 3544/20 ના વોર્ડ નં. 2માં આવેલી સ્થાવર મિલકતનો તે બધો ટુકડો અને પાર્સલ, જે લગભગ 90.30.20 ચોરસ મીટર અને નોંધ નં. 3544/1/27, જે ઉધના તાલુકાના મોજે માલવેકવાડ અને નવસારી બજારના લગભગ 40.04 ચોરસ મીટર માપન છે. આ જમીન સુરત જિલ્લા અને પેટા જિલ્લા - અને આ રીતે બંધાયેલ છે, ઉત્તર: NA; દક્ષિણ: NA; પૂર્વ: NA; " પશ્ચિમ: NA. | 68,85,000/- (રૂ. અડસઠ લાખ પંચ્યાંસી હજાર માત્ર) | 6,88,500/- (રૂ. છ લાખ અઠ્યાસી હજાર અને પાંચસો માત્ર) 25,000/- (રૂ. પચીસ હજાર માત્ર) | 22.04.2024 & 41,84,151.65 (રૂ. એકતાલીસ લાખ ચોર્યાસી હજાર એકસો એકાવન અને પાંસઠ પૈસા માત્ર) બાકી રકમ 15.04.2024ના રોજ |

વેચાણની વિગતવાર શરતો અને નિયમો માટે કૃપા કરીને આદિત્ય બિરલા ફાઇનાન્સ લિમિટેડ / સિક્યોર્ડ લેણદારની વેબસાઇટ એટલે કે www.adityabirlafinance.com અને https://BidDeal.inમાં આપેલી લિંકનો સંદર્ભ લો.

સંપર્ક નંબરો: આદિત્ય બિરલા ફાઇનાન્સ લિમિટેડ, અધિકૃત અધિકારી - ૧) શ્રી અપૂર્વ થોમસ દંથી - apoorva.danthi@ adityabirlacapital.com, મો. નં. ૯૯૩૦૯૦૯૭૨૫ તમે નજીકની શાખાની મુલાકાત પણ લઈ શકો છો અથવા આદિત્ય બિરલા ફાઇનાન્સ લિમિટેડનો સંપર્ક કરી શકો છો ૨) મોહિત શર્મા: mohit.Sharma15@adityabirlacapital.com - મો. નં. ૯૮૭૩૯૧૩૯૫૫ ૩) જાહિરુલ લસ્કર - મો. નં. ૯૭૦૬૦૦૩૦૭૫ ૪) પરનીત સિંહ - મો. નં. ૯૭૨૦૦૨૯૩૩૭ ૫) શ્રી રાજેશ વિરકર મો. નં. ૭૩૯૭૯ ૩૦૨૦૨

સ્થળ: સુરત, ગુજરાત
તારીખ: ૨૦.૦૩.૨૦૨૫

એસડી/-
અધિકૃત અધિકારી
આદિત્ય બિરલા ફાઇનાન્સ લિમિટેડ